# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

## ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ (જા.ક્ર. ૧૨૧/૨૦૧૬-૧૭) ની મુખ્ય લેખિત પરીક્ષા ના ઉમેદવારો માટે

ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ- ૧૨૧/૨૦૧૬-૧૭ ની તા.૦૪/૦૬/૨૦૧૭ ના રોજ લેવાયેલ પ્રિલિમિનરી પરીક્ષાનું કામચલાઉ પરિણામ તા. ૧૪/૦૭/૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રિલિમિનરી પરીક્ષામાં કામચલાઉ ધોરણે સફળ થયેલ તમામ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા (લેખિત) માટે "Online" અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષા માટે **તા.૨૦/૦૭/૨૦૧૭ ના રોજ બપોરના ૦૧.૦૦ કલાક થી તા.૦૫/૦૮/૨૦૧૭ ના રોજ બપોરના ૦૧.૦૦ કલાક સુધી "Online" અરજીપત્રક ભરી** તેની પ્રિન્ટ મેળવી તથા **પરીક્ષા ફી પોસ્ટ ઓફિસમાં તા.૦૫/૦૮/૨૦૧૭ ના રોજ બપોરના ૦૧.૦૦ કલાક સુધીમાં ભરી** ચલણની નકલ સહિત જરૂરી તમામ પ્રમાણપત્રો સાથે આયોગની કચેરી (**ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, છ-રોડ, "છ-૩" સર્કલ પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦**) ખાતે રૂબરૂ અથવા રજી.પોસ્ટ એ.ડી. દ્વારા **તા.૨૦/૦૭/૨૦૧૭ થી તા.૧૦/૦૮/૨૦૧૭ સુધીમાં** કચેરી સમય દરમ્યાન અચૂક મોકલી આપવાનું રહેશે. ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની, ઉકત જગ્યાઓના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા (લેખિત)માં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**: મુખ્ય લેખિત પરીક્ષાના ઉમેદવારોએ નીચે દર્શાવેલ ક્રમાંક ૧ થી ૪ ની અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી :**

૧. ૪૦% કે તેથી વધુ અને ૧૦૦% સુધીની દ્રષ્ટિહિનતાની અશકતતા ધરાવતા ઉમેદવારોએ તેઓને લહીયાની જરૂર છે કે કેમ તે અરજીપત્રકમાં દર્શાવવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે હા/ના માં દર્શાવવાનું રહેશે. જો "ના" દર્શાવવામાં આવેલ હશે તો પાછળથી લહીયાની સુવિધા મળશે નહીં. આવા ઉમેદવારોને કલાક દીઠ ૨૦ મિનિટ વધારાનો વળતર સમય આપવામાં આવશે .

૨. મુખ્ય લેખિત પરીક્ષા **તા.૧૭/૦૯/૨૦૧૭, તા.૨૩/૦૯/૨૦૧૭ અને તા.૨૪/૦૯/૨૦૧૭ ના** રોજ અમદાવાદ / ગાંધીનગર ખાતે યોજાનાર છે. મુખ્ય લેખિત પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ આયોગની વેબસાઇટ **https://gpsc-ojas.gujarat.gov.in** પર મૂકવામાં આવશે.

૩. **Online અરજી કરવાની રીત:** **"online"** ફોર્મમાં ઉમેદવારે અગાઉ પ્રિલિમિનરી પરીક્ષાના ફોર્મમાં દર્શાવેલ વિગતો તો હશે જ, વધુમાં ઉમેદવારે પરીક્ષાનું માધ્યમ અચૂક દર્શાવવાનું રહેશે. તે ઉપરાંત ઉમેદવાર હંગામી તથા કાયમી નવા સરનામાની, મેળવેલ શૈક્ષણિક લાયકાતની, અનુભવની, લહિયાની તથા વિધવાપણાની વિગત આપી શકશે. અરજીપત્રક **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર / સ્ટેપવાઇઝ કાર્યવાહી કરવાની રહે છે. ૩(૧) **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઇટ પર જવું. ૩(૨) **"Preliminary/Main Exam Call letter → "Main Exam Form / Call letter"** પર જઇ "Job Select" કરવી (જાહેરાત પસંદ કરવી). ૩(૩) ઉમેદવારે પોતાનો **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઇપ કરી 'OK' પર **Click** કરવાથી ફોર્મ ખુલશે. ૩(૪) ઉમેદવારે જરૂરી વિગતો / સુધારા કર્યા બાદ "Save" કરવું. અરજીપત્રક એક વાર **'Save'** થયા બાદ તેમાં કોઈપણ સુધારા / વધારા થઈ શકશે નહીં. તેની ખાસ નોંધ લેવી. ૩(૫) અરજીપત્રક **'Save'** કરવાથી **"Print Form"** તથા **"Print Challan"** ના વિકલ્પ આવશે. અરજીપત્રકની નકલ કાઢવા માટે **"Print Form"** પર **click** કરીને પ્રિન્ટઆઉટ તથા **PDF** માં Save/ Download કરી શકશો. બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ **"Print Challan"** પર **click** કરીને પ્રિન્ટ આઉટ મેળવી નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૨૦૦/- ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ ભરવાનો રહેશે અને તે અંગેનું ચલણ મેળવવાનું રહેશે. ૩(૬) બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ આ ચલણ તથા લેખિત મુખ્ય પરીક્ષાના અરજીપત્રકમાં માંગવામાં આવેલ દસ્તાવેજો સાથેનું લેખિત મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક જ્યારે અનામત કક્ષાના ઉમેદવારોએ ફક્ત લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા માટેના અરજીપત્રકની પ્રિન્ટેડ નકલ કાઢી, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા સહી સાથે **માંગવામાં આવેલ દસ્તાવેજોની નકલ સાથે અરજીપત્રક આયોગની કચેરી ખાતે તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા રજી.પોસ્ટ એ.ડી. દ્વારા મોકલી આપવાનું રહેશે.**

૪. ઉપરોક્ત પેરા-૩ ની સૂચનાઓ અનુસાર નિયત સમયમર્યાદા દરમ્યાન online અરજીપત્રકો ભરનાર ઉમેદવારો જ કોલલેટર ડાઉનલોડ કરી શકશે અને તેવા ઉમેદવારો જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. વધુમાં, જેઓ તા.૧૦/૦૮/૨૦૧૭ ના રોજ ૧૮:૧૦ કલાક સુધીમાં અરજીપત્રક અને નીચે જણાવ્યા મુજબના બિડાણો/દસ્તાવેજો આયોગની કચેરી ખાતે રજૂ કરવાનું ચૂકશે તો તેઓ જો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હશે અને ગમે તેટલા ગુણ મેળવેલ હશે તો પણ તેઓને અપાત્ર જાહેર કરવામાં આવશે. **(a)** એસ.એસ.સી.ઇ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે અન્ય પ્રમાણપત્ર માન્ય નથી.) **(b)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **(c)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો (માર્કશીટસ) **(d)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. **(e)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક (ગુજરાતીમાં) મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું સને ૨૦૧૫-૧૬ ની આવકને ધ્યાને લઇ તા. ૦૧-૦૪-૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૭ ના સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ પ્રમાણપત્ર કે જેનો નંબર અને તારીખ પ્રિલિમિનરી પરીક્ષાની ઓનલાઇન અરજી કરતી વખતે અરજીપત્રકમાં દર્શાવેલ હોય (ANNEXURE-A માત્ર કેન્દ્ર સરકારની નોકરી માટે માન્ય હોઇ ANNEXURE-A માન્ય ગણાશે નહીં). **(f)** શારીરિક રીતે અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ / સિવિલ સર્જને આપેલ તબીબી પ્રમાણપત્ર. **(g)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક : એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર." **(h)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ. **(i)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુનઃલગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ. **(j)** માજી સૈનિકના કિસ્સામાં ડીસ્ચાર્જબૂકની નકલ. **(k)** પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા અંગેની પહોંચની નકલ.

ઉપરોક્ત બાબતે ઉમેદવારના પક્ષે થયેલ ચૂક પરત્વે આયોગ દ્વારા પાછળથી કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**તા.ક.: આયોગ દ્વારા તા.૧૫/૦૭/૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર.૩૮/૨૦૧૭-૧૮) ની પ્રિલિમિનરી પરીક્ષા તા.૨૯/૧૦/૨૦૧૭ ના રોજ યોજવાનું જાહેર કરવામાં આવેલ છે. પરંતુ આ સમય દરમ્યાન સંઘ લોક સેવા આયોગ (UPSC) ની સિવિલ સર્વિસ મુખ્ય પરીક્ષા આયોજિત થનાર હોઇ આ પ્રિલિમિનરી પરીક્ષા તા.૧૫/૧૦/૨૦૧૭ ના રોજ યોજવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.**

તા.૧૯/૦૭/૨૦૧૭

GPSC/EX/KRUSHANT PATEL